CC No. 114968/2026

सत्यमेव जयते

ફરીયાદી :- શ્રી સરકાર

**વિરૂદ્ધ**

આરોપી :- રેખાબેન મનોજભાઈ માળી

ગુનો :- પ્રોહીબીશન એકટની કલમ:૬૫ (એ)(એ) મુજબ.

**-:: આંક-૧ લગત હુકમ :: -**

આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોકત વર્ણવેલ ગુનાનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, જે અંગે આરોપીને સમન્સ કરતા, આરોપીએ હાજર થઇ સદર તેઓ સામેનો આક્ષેપીત ગુનો સ્વૈચ્છીક કબુલ કરતા હોવાનું જણાવેલ છે તથા તેઓ ગરીબ, કૌટુંબીક જવાબદારી હોવાનું જણાવેલ અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો નહીં કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરે છે. આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે. કાયદાની જોગવાઇ ધ્યાને લેવામાં આવે તો તેમાં વધુમાં વધુ કેટલી સજા થઇ શકે તેની સાથે સાથે મીનીમમ સજાની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. પરંતુ, નામદાર ગુજરાત હાઇકોર્ટે 'સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરભાઇ હરચંદજી ઠાકોર(૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯)'ના ચુકાદામાં એવું ઠરાવેલ છે કે, કેસના સંજોગો જોતા કોર્ટને જરૂરી જણાઇ આવે તો તે મીનીમમ સજા કરતા પણ ઓછી સજા કરી શકે છે. આ કામે આરોપી પાસેથી જે મુદામાલ મળી આવેલ છે તે મોટા જથ્થામાં નથી, જે મુદ્દામાલ કબજે લેવાયેલ છે તેનો પ્રકાર અને જથ્થો તથા આરોપીની સ્થિતિ વગેરે ખ્યાલમાં રાખતા મીનીમમ સજા કરતા ઓછી સજા અને દંડ કરવામાં આવે તો પણ તે ન્યાયીક રહેશે તેવું જણાઇ આવતું હોય, કેસના સંજોગો ધ્યાનમાં લઇ આ કામે નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

**- આ ખ રી હુ ક મ -**

૧. આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૨૬૪ અન્વયે તેમની સામેના ગુના પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ (એ)(એ) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/-(અંકે રૂપીયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિન-૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૧મી, માહે જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

**તારીખ :- ૧૧ /૦૭ /૨૦૨૬**
સ્થળ :- વડોદરા.

**(ડો.એચ.પી.જોષી )**
બીજા એડીશ્નલ સીવીલ જજ
અને જયુડી. મેજી.ફ.ક.,
વડોદરા.
**જજ કોડ - જીજે ૦૧૪૫૩**